

# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ ઓગષ્ટ - ૨૦૨૫ અંક : ૮

*કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)* **R.N.I No.: 6316/57**



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓગસ્ટ ૨૦૨૫, પ્રત-૧૦૫૦, વર્ષ-૧૦૩, અંક-૮**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી-૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા-જગતપુર રોડ,
અમદાવાદ - ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/-વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/-(આજીવન), રૂ.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY



## થોડાં નાદાન બનીએ

સમજદારીનું મહોરું ફગાવીને ચાલો થોડાં નાદાન બનીએ !
સીધા સાદા રહીને ઘણા સલવાયા ચાલો થોડાં બેઇમાન બનીએ.
અઘરાં પ્રશ્ન જેવું જટિલ વ્યક્તિત્વ રાખીને શાને જીવવું.
લોકોને દિલ ખોલીને મળવું ગમે એવા થોડાં આસાન બનીએ.
પ્રેરણાદાયી વાતોના ચાલતા આ જથ્થાબંધ વેપાર વચ્ચે
હળવી મસ્તી ભરી વાતોની નાની અમથી દુકાન બનીએ !
વિશાળ વટવૃક્ષ જેવા થવું સહુ માટે શક્ય નથી.
નાના છોડ પર ખીલેલા નમણા ફૂલ જેવી મુસ્કાન બનીએ.

– ગૌરાંગ શાહ

## The Meadow's Beauty

The Meadow's beauty circles round.
As Flowers of colours cover the ground.
Spring colours sprout from a seed.
They don't seek any need.
The Meadow's beauty.
Fields of clover, Grow all over.
Dandelions super bright,
Snowdrops are certainly white.
The Meadow's beauty.
As lambs are grazing, And grass is blazing.
Leaves fall from trees. And drown all seeds.
What are these ?
Where is the Meadow's beauty ....?

- **Mahi Hemen Shah**, Standard 4th

# વાયુદેવતા - નવો દૃષ્ટિકોણ

**(ભાદરવા સુદ ૬ નિમિત્તે વિશેષ લેખ)**



વાયુને જોઈ શકાય ? જી ના. આપણે શરીર પર સ્પર્શ થતા વાયુનો અનુભવ કરી શકીએ છીએ પણ જોઈ શકતા નથી. વાયુ અમૂર્ત, અવ્યક્ત, અદૃશ્ય અને અજરઅમર છે.

વાયુમહાપુરાણ ગ્રંથમાં સ્વયં બ્રહ્માજી ઋષિઓને પ્રશ્ન કરે છે– શું કોઈએ વાયુદેવતાના દર્શન કર્યા છે?

સમગ્ર મુનિગણ ઉત્તર આપે છે– અમો સર્વેએ વાયુદેવતાના દર્શન કર્યા નથી કારણ કે તેઓ અવ્યકત છે. પરંતુ બે વ્યક્તિઓએ વાયુદેવતાના દર્શન કર્યા છે– અર્જુન અને સંજય. ભગવદ્ગીતાના અગિયારમા અધ્યાય વિશ્વરૂપદર્શનયોગમાં સ્વયં કૃષ્ણ ભગવાન અર્જુનને સમગ્ર સૃષ્ટિનું દર્શન કરાવે છે. તેત્રીસ કોટી (પ્રકાર) ના દેવોનું દર્શન અર્જુન કરે છે ત્યારે દૈત્યમાંથી દેવ બનેલ ૪૯ મરુતગણના વાયુદેવોના દર્શન થાય છે. વેદવ્યાસે સંજયને પણ દિવ્ય દૃષ્ટિ આપી હોવાથી સંજય પણ વાયુદેવોના દર્શન કરે છે.

કૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે– 'અશ્વિનૌ મરુતસ્થતા' (અધ્યાય ૧૧ શ્લોક ૬) તેઓ ૪૯ વાયુઓના વિવિધ રૂપને જોવાનું કહે છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે વાયુદેવતાની ભારે પ્રશંસા કરી છે અને પોતાની વિભૂતિઓમાં ગણના કરી છે. વિભૂતિયોગ (અધ્યાય ૧૦ શ્લોક ૨૧)માં શ્રીકૃષ્ણે કહ્યું– 'મરીચિર્મસતામસ્તિ' હું ઓગણપચાસ વાયુદેવતાઓમાં તેજ (મરીચિ) છું. રાજવિદ્યા રાજગૃહ્ય યોગ (અધ્યાય ૯ શ્લોક ૬)માં વાયુ માટે કહ્યું– 'સર્વત્રગો મહાન'. વાયુ સર્વગામી છે, સર્વવ્યાપી છે, સર્વદેશીય અને સદા સ્થિત છે તેથી મહાન છે.

શ્રીકૃષ્ણ વાયુદેવનો ઉલ્લેખ કરીને સાબિત કરે છે કે વાયુદેવ અતિ પ્રાચીન છે. ૧૯૭ કરોડ વર્ષ પહેલા જીવ પર્યાવરણનો પ્રારંભ થયો ત્યારથી વાયુતત્વ અસ્તિત્વમાં છે. વાયુ વિશ્વબ્રહ્માંડનું વિરાટ તત્ત્વ છે. તે પૃથ્વીના પાંચ સનાતન

તત્વોમાં (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) એક છે. વાયુ જ પ્રાણ છે. વાયુ તમામ વસ્તુઓને ચારેબાજુથી ઘેરે છે. કઠોપનિષદ કહે છે– 'વાયુર્થ યૈકો જીવનં પ્રવિષ્ટો' વાયુ જ સમસ્ત સંસારમાં પ્રવિષ્ટ થઈને પ્રત્યેક વસ્તુનું રૂપ ધારણ કરે છે.

ગોસ્વામી તુલસીદાસે 'સુંદરકાંડ'માં ૪૯ મરુતોની શક્તિનું વર્ણન કર્યું છે.

હરિ પ્રેરિત દેહી અવસર ચલે મરુત ઉનચાસ
અટટહાસ કરી ગર્જા કપિ બઢી લાગ અકાસ

હનુમાનજીએ લંકાને અગ્નિને હવાલે કરી ત્યારે ભગવાનની પ્રરણાથી ૪૯ વાયુઓ ચાલવા માંડયા.

વાયુદેવ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિના કુળદેવતા છે. તેઓ વાયવ્ય (North west) દિશાના દેવ અને દિક્પાલ (અધિપતિ) છે. પશ્ચિમમાંથી ઉત્તર તરફ પવનના મોજાં જતા હોવાને કારણે વાયુદેવને વાયવ્ય દિશાના દિક્પાલ બનાવવામાં આવ્યા છે. તેઓ સમીર, પવન, વાયુ, પ્રાણ, અનિલ, મરુત, વાત નામોથી પ્રખ્યાત છે. આ ઉપરાંત તેઓ શ્વસન, સ્પર્શન, માતરીશ્વા, ગંધવાહ, આરણ, જગતપ્રાણ, સમીરણ, નભસ્વાન, પ્રવાત, પવમાન, પ્રભંજન, પવનંજય અને મારુત નામોથી ઓળખાય છે.

વાયુના ૮૦ રોગોના પ્રશમન માટે તેમ જ શક્તિ અને સુરક્ષા પ્રદાન હેતુ ધાર્મિક અનુષ્ઠાનો સહિત ચૈત્ર સુદ ૬ અને ભાદરવા સુદ ૬ આ બંને તિથિઓએ વાયુદેવનો ઉત્સવ ઉજવવાની પરંપરા છે.

વાયુદેવ દેવમાતા દિતિ અને કશ્યપ ઋષિના પુત્ર છે. કશ્યપ ઋષિ પરથી આપણા ગોત્રનું નામ કશ્યપ પડ્યું છે. વાયુદેવ ઈન્દ્રના નાનાભાઈ અને અગ્નિસમાન તેજસ્વી છે. તેઓ દેવતુલ્ય છે અને દેવો સાથે જ વિચરણ કરે છે. એટલે તેઓ યજ્ઞના ભાગના અધિકારી છે. વાયુદેવે હનુમાનજીના જન્મ માટે ગૌતમઋષિની પુત્રી અંજની દેવીના ગર્ભમાં મહાદેવના બીજને ગ્રહણ કરી, પ્રસ્થાપિત કરી મહાન કાર્ય કર્યું છે.

વાયુદેવની મૂર્તિ ધીરગંભીર, શક્તિશાળી, મજબૂત બાંધાવાળી અને યુવાવસ્થા

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી



દેખાય તેવી હોવી જોઈએ. તેમની આંખો લાલ વર્ણની, વાંકીચૂકી ઝોલા ખાતી કાળા રંગની ભ્રમરો, ખુલ્લું મુખ, વિખરાયેલા વાળ, જમણા નાકમાં ચૂની, સર્વ શણગાર યુક્ત– ચારે હાથમાં કંગન, લચી પડેલા કર્ણમાં કુંડળ, બંને પગમાં નુપૂર, કટી મેખલા, કમર પર પટ, બાજુબંધ અને મસ્તિષ્ક પર મુકટ છે.

વાયુદેવની શ્વેત સંગેમરમરની મૂર્તિમાં ચાર હસ્ત છે. જમણા હસ્તમાં નીચે વરદાનની મુદ્રામાં મોતીની માળા, જમણા હસ્તમાં ઉપર ધ્વજ તેમજ ડાબા હસ્તમાં ઉપર ધ્વજાદંડ અને ડાબા હસ્તમાં નીચે કમંડલ છે. તેમની જમણી બાજુ તેમનું વાહન હરણ હોય છે અને તે વાયુની જેમ પ્રાણીઓમાં અતિ ઝડપી છે.

**ચિત્રમાં અમદાવાદના વાયુદેવતા દર્શાવ્યા છે.**

આ ઉપરાંત ભરૂચ – કડી – વડોદરા – સુરત – પાટણ – મુંબઈ – રાધનપુર – કચ્છ – ડીસા – વડનગર – શામળાજી વગેરે સ્થળોએ વાયુદેવતાના સ્થાનકો આવેલા છે. જો કે દરેક સ્વરૂપમાં સામાન્ય ફેરફાર જોવા મળે છે. ક્યાંક પાષાણની, ક્યાંક સંગેમરમરની તો ક્યાંક ધાતુની મૂર્તિ જોવા મળે છે. તેમજ ક્યારેક ચિહ્નોમાં પણ ફેરફાર હોય છે. વાયુને સમર્પિત મંદિરો ભારતભરમાં ભક્તિ અને સાંસ્કૃતિક વિચારનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે. હાલ વાયડમાં વાયુદેવનું એક પણ મંદિર નથી તે આશ્ચર્ય ઉપજાવે છે. તાત્કાલિક વાયુદેવતા મંદિરનું નિર્માણ વાયડમાં કરાવવું જોઈએ.

વાયુદેવ દુર્વાસા મુનિની કૃપાથી કુંતીપુત્ર ભીમ વાયુદેવતાના પુત્ર છે. અંબરીષ રાજાની પુત્રી સુલક્ષણા જે ભવાંતરે ગૌતમ ઋષિની પુત્રી અહલ્યાની પુત્રી અંજની છે. શાપને કારણે તે વાનરી બને છે. તે અવસ્થામાં વાયુપુત્ર હનુમાનનો જન્મ વાટિકાવન (હાલનું વાયડ)માં થયો છે.

વાયુદેવની આરાધના માટે વેદોક્ત–પુરાણોક્ત મંત્રો ઉપલબ્ધ છે. મંત્રબીજની શાસ્ત્રીય ક્રિયાવિધિ કરવાથી તેમ જ તેમના શ્લોકનું ગાન–પઠન શ્રવણ કરવાથી શુભ ફળ મળે છે. દરેક જ્ઞાતિજને ખાસ કરીને ચૈત્ર સુદ–૬ અને ભાદરવા સુદ–૬ આ બંને તિથિઓએ વાયુદેવતાના મંદિરમાં તેમની સમક્ષ હવન સમયે શ્લોકો–મંત્રનું પઠન અને શ્રવણ કરવું જ જોઈએ.

વાયુદેવતાના મંત્રો છે– ૐ શ્રી વાયુદેવાય નમઃ, ૐ અનિલસુતાય નમઃ, ૐ પવનપુત્રાય નમઃ, ૐ જગતપ્રાણાય વિદમહે વાજહસ્તાય ધીમહિ તન્નો વાયુ પ્રચોદયાત (વાયુદેવનો ગાયત્રી મંત્ર)

વાયુદેવની સ્તુતિ અને મંત્રોનો જાપ કરવાથી સકારાત્મક ઊર્જા, સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રાપ્ત થાય છે. શરીરમાં વાયુ તત્વનું સંતુલન બની રહે છે, મન શાંત થાય છે, તનાવ ઘટે છે અને લાંબુ સ્વસ્થ જીવન પ્રાપ્ત થાય છે. ઘી અને મધનો પ્રસાદ તેમને પ્રિય છે. તે દિવસે આ પ્રસાદ ખાસ ધરાવવો.

વાયુ મહાપુરાણમાં ૬૭ અધ્યાયમાં શ્લોક ૮૬ થી ૧૩૬માં વાયુજન્મની કથા આપવામાં આવી છે. ૪૯ વાયુદેવોના નામોમાંથી ૪૭ નામો વાયુ મહાપુરાણે આપ્યા છે. બે નામ અવ્યક્ત છે. વાયુ સચરાચરમાં સાત વિભાગો (સ્કંધ)માં ફરે છે. દિતિમાતાએ ઈન્દ્ર પાસેથી વરદાન માંગ્યું હતું કે સ્વર્ગમાં મારા પુત્રો સાત સ્થાન પ્રાપ્ત કરે. વાયુના સાત સ્કંધોમાં મરુત નામથી ચલનશીલ થાય તેમજ મરુત નામથી વિખ્યાત બને. ઉપરાંત તેઓના એક એક ગણમાં સાત–સાત મરૂત હોય. આમ ૪૯ વાયુદેવો સમગ્ર બ્રહ્માડમાં વ્યાપ્ત છે.

આ સાત જૂથો– પૃથ્વી, સૂર્યમંડળ, ચંદ્ર, નક્ષત્ર, ગ્રહો, સપ્તર્ષિ મંડળ અને ધ્રુવમંડળ પર વિચરે છે. સાત જૂથોના નામ અનુક્રમે પ્રવહ, આવહ, ઉધ્વહ, સંવહ, વિવહ, પરિવહ અને પરાવરહ છે.

વાયુદેવનો જન્મ ચોક્કસ કઈ તિથિ કે વારે થયો તે પુરાણોમાં જણાવેલ નથી. પરંતુ દિતિમાતાએ તેમના પતિ કશ્યપ ઋષિના કહેવાથી પુંસવન વ્રત કર્યું જેથી મહાબળવાન, શક્તિશાળી અને બુદ્ધિશાળી પુત્ર જન્મે. ષોડશ સંસ્કારોના ગર્ભ સંસ્કાર બાદ દ્વિતીય સંસ્કાર પુંસવન વ્રત કહેવાય છે. તે પુષ્યનક્ષત્ર અથવા અન્ય શુભ નક્ષત્રમાં શરૂ કરવામાં આવે છે. સામાન્ય રીતે તેનો સમયગાળો માગસર સુદ ૧ થી કારતક વદ અમાસનો હોય છે. તેની નિશ્ચિત શરતો હોય છે અને તેમાં જો કોઈ મુશ્કેલી આવે તો તે વ્રત નિષ્ફળ જાય છે.

વાયુદેવના જન્મ માટે બે મત પ્રવર્તે છે. ભાદરવા સુદ ૬ને દિવસે સ્નાન કરાવીને દિતિમાતાએ વાયુદેવોને સેવા કરવા માટે વાયડા વણિકોને સોંપ્યા છે. આનો અર્થ એ થાય કે તેના દસ-બાર દિવસ પહેલા શ્રાવણમાસના અંતમાં તેમનો જન્મ થયો હોવો જોઈએ. સામાન્ય રીતે બાળકના જન્મ બાદ ૧૦-૧૨ દિવસે સ્નાન કરાવવામાં આવે છે. આમ ભાદરવા સુદ ૬ આપણા માટે અતિ મહત્વની તિથિ ગણાય. ત્યારબાદ સાત માસ પછી વાયુદેવોને દોલામાં (ઝૂલામાં) પધરાવવામાં આવ્યા જે તિથિ ચૈત્ર સુદ ૬ છે.

એક અન્ય નોંધ પ્રમાણે વાયુદેવનો જન્મ આસો સુદ અમાસ (દિપાવલી)ના દિવસે થયો છે. વાયુદેવોને ભાદરવા સુદ ૬ ના રોજ સ્નાન કરાવીને આપણને સોંપ્યા છે. તો કારતક માસથી ભાદરવા માસ એટલે જન્મના ૧૦ માસ અને ૬ દિવસ સુધી વાયુદેવોને સ્નાન વગર દિતીમાતા પાસે રહ્યા? જો કે આનો કોઈ ઉત્તર મળતો નથી.

વાયુનો પોતાનો કોઈ વાર નથી પરંતુ સૂર્ય એ વાયુના પરમસખા છે. વાયુને અગ્નિમિત્ર કહેવાય છે. તેથી વાયુનો વાર રવિવાર ગણાય છે. તેથી વાયુદેવતાના મંદિરમાં રવિવારે દર્શન કરવાનું ખૂબ જ મહત્વ છે. ષષ્ઠી તિથિને દિવસે રવિવાર હોય તો અમૃતતિથિ બને છે અને શુક્રવાર હોય તો સિદ્ધયોગ બને છે, આ વર્ષે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ને ભાદરવા સુદ ૬ ને દિવસે શુક્રવાર છે તેથી સિદ્ધયોગ છે. જે અત્યંત શુભ માનવામાં આવે છે.

વાયુતત્વને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયત્ન અંગ્રેજ વૈજ્ઞાનિક લ્યાલ

વોટ્સને કર્યો છે. તેમણે પવનને હેવન્સ બ્રેથ કહ્યો છે. તેમણે પુસ્તક લખ્યું છે– 'Heaven's Breath' - A Natural History of wind. તેમણે પવનનો(વાયુનો) આખો ઇતિહાસ લખ્યો છે. વાયુ વગર આ પૃથ્વી પર માનવ વસી શકે નહીં, પૃથ્વી પર ભયંકર ફેરફારો થાય, વિષુવવૃત સખત ગરમ થઈ જાય, ધ્રુવ પ્રદેશો અત્યંત ઠંડા થઈ જાય, છોડ ઉગે નહીં, ખોરાકનું ઉત્પાદન ન થાય, વરસાદ ઘટી જાય એટલે અનાવૃષ્ટિની અસર થાય. પવન ન હોય તો એમેઝોનના ગાઢ જંગલો ન હોય જે વિશ્વને ૨૫ ટકા ઓક્સિજન પૂરો પાડે છે. પવનને કારણે વિમાનની ગતિ વધે છે. પવન ના હોય તો વિમાન ઉડી જ ન શકે. અન્ય અર્થમાં આપણે સૌ પવનની પેદાશ છીએ.

વાયુ એક મહાન અદશ્ય શક્તિ છે. માનવને કુદરતને ૧,૬૦,૦૦૦ વર્ષ સુધી ચાલે તેટલો પવન મનુષ્ય દીઠ ફાળવ્યો છે. તમે 'વાયુસ્નાન' શબ્દ સાંભળ્યો છે? પવન આપણા શરીર પર અજાણપણે મસાજ કરે છે. આપણા શરીરના એક કરોડ જેટલા જ્ઞાનતંતુઓ જે ચામડીની સપાટી નીચે છે, તેને પવનનો મસાજ ઉત્તેજિત કરે છે. દરેક માનવ એક વર્ષમાં એક કરોડ શ્વાસ લે છે અને પચાસ લાખ લિટર જેટલો પવન ફેફસામાંથી લઈ બહાર ફેંકે છે.

લ્યાલ વોટ્સનનો અભ્યાસ કહે છે– પવનની ઝડપ વધે ત્યારે હૃદય રોગ સંબંધી તકલીફો વધે છે કારણ કે પવનની ઝડપને કારણે લોહી લઈ જતી નળીઓ રુંધાય છે. પવનની ઝડપ ૭૦ કિમી/પ્રતિ કલાક થાય ત્યારે બાળકોના અભ્યાસમાં થતી સ્પર્ધાનું પ્રમાણ વધી જાય છે.

મહાન વાયુદેવતા આપણા કુળદેવતા છે એ આપણું અહોભાગ્ય છે. વાયુદેવતાના આશીર્વાદ સમગ્ર જ્ઞાતિજનો પર વરસે એવી પ્રાર્થના.

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# ૧૧૪ વર્ષના ફૌજાસિંગનું પ્રેરણાદાયી જીવન



તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ પંજાબના બીયાસમાં ૧૧૪ વર્ષના ફૌજા સિંગનું અકસ્માતમાં અવસાન થયું. તે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા અને એક અજાણી કારે તેમને ટક્કર મારી. બીજા દિવસે તેમનું અવસાન થયું.

ફૌજાસિંગ સરળ, સાત્વિક, મહેનતસભર અને કરૂણાસભર જીવન જીવ્યા. તેથી તેમના જીવનની થોડી પ્રેરણાદાયી બાબતો રજુ કરું છું.

સને ૧૯૧૧માં ફૌજાસિંગનો પંજાબના નાના ગામ બીઆસમાં જન્મ થયો. તે મહેનતુ ખેડૂત હતા અને સખત મહેનત કરી પાંચ સંતાનોનો ઉછેર કરતા હતા. તે બળદોની બે જોડ રાખતા. તે કહેતા 'બળદો થાકી જાય છે તેથી તેમને આરામ આપું છું, હું થાકતો નથી તેથી આરામ કરતો નથી.' તે પાડોશીઓ ની જમીન પણ ખેડ માટે રાખતા. તેમણે સંતાનોને સારું શિક્ષણ આપ્યુ. તેમનો એક પુત્ર હરવીન્દર ઇગ્લેન્ડમાં સ્થાયી થયો.

સને ૧૯૯૨ની સાલમાં તેમના પત્નિ ગ્યાન કૌરનું અવસાન થયું. જીવનમાં નિરાશા વ્યાપી. ૧૯૯૪ની સાલ હતી. તે સૌથી નાના પુત્ર કુલદીપ માટે નવું ઘર બાંધી રહ્યા હતા ત્યારે અચાનક ધાબું તૂટ્યું અને કુલદીપનું મરણ થયું. ફૌજાસિંગનો જીવનમાંથી રસ ઉડી ગયો. ડીપ્રેશનમાં સરી પડ્યા. ઇંગ્લેન્ડથી તેમનો પુત્ર હરવીન્દર આવ્યો અને ખુબ સમજાવી ઇંગ્લેન્ડ લઈ ગયો.

ઇંગ્લેન્ડમાં ફૌજાસિંગ રોજ ગુરુદ્વારા જાય. પુત્ર કહે 'બસમાં જાઓ.' પણ તે ૮-૧૦ માઈલ ચાલીને જાય. એક દિવસ નજીકના પાર્કમાં ચાલતા હતા ત્યાં રનીંગ કોચ હરમીન્દરસિંગે તેમને જોયા, તેણે કહ્યું 'તમે રનીંગની તાલીમ લો તો ૨૬ માઈલની મેરેથોન દોડી શકો. ૬ મહિના તેમણે બરોબર તાલીમ લીધી. પછી ૮૯ વર્ષની ઉંમરે તે લંડનમાં પહેલી મેરેથોન દોડ્યા. ૬ કલાક ૫૪ મીનીટમાં પહેલી દોડ પૂરી કરી. ૧૦૦ વર્ષ થતા સુધી તે ૯ વખત મેરેથોન દોડ્યા. વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ ગયા. તે પછી તે મેરેથોન ન દોડ્યા પણ નાની દોડમાં

ભાગ લેતા. જીવનનાં અંત સુધી તે રોજ ત્રણ કલાક ચાલતા. તે કહેતા “કાં તો હું ચાલું છું, કાં તો સૂઈ રહું છું.”

તે સાદું જીવન જીવ્યા. ખાવાનું બિલ્કુલ સાત્વિક, સંપૂર્ણ વેજીટેરીયન, વિચારો ઉમદા, એડીડાસ, નેસ્લેના બ્રાંડ એમ્બેસેડર. લાખો રૂપિયા મળે, ધાર્મિક સંસ્થાના સેવાભાવી સંસ્થાના નંબરો આપી તેમાં જ રકમ જમા કરાવે. ઓસ્ટ્રેલિયા ગયા ત્યારે હજારો ફેન ભેટ આપે, ડોલર આપે. ગુરુદ્વારામાં જમા કરાવી દે.

ખુશવતસિંહે તેમની જીવનકથા લખી છે. ફૌજાસિંગ ચાલતા ચાલતા તેમની સાથે વાતો કરતા.

ઇંગ્લેન્ડના રાણી એલીઝાબેથને મળવા જવાનું હતું ત્યારે આ સરળ માણસને બે દિવસ સૂચના આપી હતી. હાથ મીલાવજો પરંતુ આપણાં દેશની પદ્ધતિ પ્રમાણે ભેટી પડશો નહીં. તેમની અમેરિકાના પ્રેસીડન્ટ જ્યોર્જ બુશ સાથે પણ મુલાકાત થઈ હતી. ઘણાં એક્ટર, રમતવીરો તેમની મુલાકાત લેવા તત્પર રહેતાં. મુંબઈમાં ૨૦૧૩માં મેરેથોન દોડ વખતે જહોન અબ્રાહમ અને ગુલ પનાંગ ફૌજાસિંગને મળ્યાં. જોન અબ્રાહમે કહ્યું, “ફૌજાસિંગને મળવું એ મારા માટે સૌભાગ્યની વાત હતી.” પંજાબના ઘણાં મોટાં નેતાઓ પણ ફૌજાસિંગને મળતા.

૮૯ વર્ષની ઉંમરે દોડની શરૂઆત કરનાર ફૌજાસિંગ ૧૦૨ વર્ષની ઉંમરે હોંગકોંગમાં છેલ્લી લાંબી દોડ ૧૦ કી.મી.ની દોડ્યા. પણ પછી પણ રોજ ત્રણ કલાક ચાલતા અને સૌ માટે પ્રેરણારૂપ બની રહેતા.

તે મોટેભાગે ઇંગ્લેન્ડમાં રહેતા હતા. હમણાં ભારતમાં આવ્યા. જ્યાં તેમના પુત્ર કુલદીપનું ધાબું પડવાથી અવસાન થયું હતું તે જગ્યા તરફ રસ્તો ક્રોસ કરીને જતા હતા ત્યારે ૧૪મી જુલાઈએ એક અજાણી કારે તેમને ટક્કર મારી અને ૧૫મી જુલાઈએ તેમનું અવસાન થયું. આજે તેમનાં કદમ થંભી ગયા છે. પણ તેમના પગલાંની સ્મૃતિ યુવાન કે વૃદ્ધ દરેકના જીવનમાં પ્રેરણાના પાન કરાવી રહી છે. ચાલો આપણે રોજ ચાલવાનો સંકલ્પ કરીએ.

**- શરદભાઈ પી. શાહ, મહેસાણા**
**પૂર્વ તંત્રી તથા ટ્રસ્ટી, વાચડામિત્ર**
**મો. ૯૪૨૯૭ ૩૬૭૬૫**

# અનુભવી દાદીમાં



ઘરમાં સંપૂર્ણપણે શાંતિ છવાયેલી છે. દાદીમા રતનબાના ખોળામાં બેઠી છે પાંચ વર્ષની પૌત્રી નિતી. ધીમું ધીમું સંગીત વાગી રહ્યું છે. નોકર આવવાની હજી વાર છે. દાદીમા નિતીને દૂધ પીવડાવીને અભ્યાસ કરવા બેસાડે છે.

એટલામાં પુરોહિત આવી પહોંચે છે. ચહેરા પર સાત્વિકતાની પ્રસન્ન મુખમુદ્રા, શારીરિક સંપત્તિ–વિકાસની યશગાથા લહેરાવતી ફાંદ અને નાનકડા કોથળા જેવો થેલો એમાં પૂજાપો અને ફૂલહાર. નિતીનું ચંચળ મન અભ્યાસને બદલે પુરોહિતના આગમન ભણી વળે છે. દાદીમા પાસે આવીને તે ચૂપચાપ બેસે છે. થોડીવાર પછી કુતુહલવશ પૂછે છે. દાદીમા આ કોણ છે ? મહારાજ છે બેટા આપણને આશીર્વાદ આપવા આવ્યા છે. પૂજા કર્યા બાદ તને આશીર્વાદ આપશે. નિતી દીકરી ભણી–ગણીને મોટી ઓફિસર બનશે. પછી દાદીમાને જાત્રા કરાવશે.... ખરુ ને બેટા ? દાદીમા મહારાજ એટલે શું ? અને એ થોડા જ ભગવાન છે કે તેઓ કહે એમ થાય ? જાત્રા એટલે શું દાદીમા ? નિતી પૂછે છે.

મહારાજને નિતીની વાતોમાં રસ નથી પડતો એટલે એના પ્રશ્ન પર પૂર્ણવિરામ મૂકવા માટે પુરોહિત કહે છે, રતનબા તમારી પૌત્રી જરા ચાંપલી છે નહીં ? તમે આટલા બધા આસ્તિક અને તમારી જ છત્રછાયામાં ઉછરતી તમારી આ પૌત્રી આવી નાસ્તિક ? ઓ ભગવાન ! શું કળિયુગ આવ્યો છે ? ચેનલોના ટીવી પ્રોગ્રામોએ તો બાળકોનું માથું ફેરવી નાખ્યું છે. તમે તમારી પૌત્રી પર જરા ધાક નહીં રાખો તો... પુરોહિત અટકી જાય છે. મહારાજ કળજુગ બાળકોના મનમાં નથી હોતા આપણા જેવા વડીલોના મનમાં હોય છે ! નિતી બાળક છે. એણે જે નથી જોયું કે જે નથી જાણ્યું એને સમજવાની એની ઉત્સુકતા છે ! આસ્થા કોને કહેવાય એવી જ એને ખબર નથી. પછી એને નાસ્તિક જાહેર કરવાની આપણે ઉતાવળ કેવી રીતે કરી શકીએ ? નિતીના મનના પ્રશ્નનો

જવાબ હું મારી રીતે શાંતિથી રાત્રે સમજાવીશ રતનબાએ કહ્યું.

ચાલો પાટલો અને નિતીના દાદાજીને ફોટો વગેરે તથા સીધુ-સામાન હાજર કરી દો. એટલે હું મારું કામ પતાવી વિદાય થાઉં ! મહારાજે કહ્યું. દાદાજીની તર્પણવિધિ નિતી જોઈ રહી હતી. મહારાજ સંસ્કૃત ભાષામાં જે કાંઇ બોલી રહ્યાં છે તે દેવો અને દાદાજી કેવી રીતે સાંભળતા હશે. એ પ્રશ્ન નિતીને મુંઝવતો હતો. છતાં મહારાજની ધાકથી એને મૌન ધારણ કર્યું. વિધિ સંપન્ન થઈ. પુરોહિતજીએ પ્રસન્નચિતે ભોજન કર્યું અને રતનબાએ ઉદારતાપૂર્વક આપેલી દક્ષિણા લઈ રતનબા તથા નિતીને આશીર્વાદ આપી મહારાજે પોતાનું વાહન હંકારી દીધું.

આજે દાદીમા ઉદાસ હતા એટલે એમણે ખૂબ જ આગ્રહ કર્યો છતાં પણ એમને એકલા મુકીને સ્કુલે ન જવા માટેની પોતાની જીદ નિતીએ ના છોડી ! રતનબા થોડી થોડી વારે બારણા તરફ નજર કરતાં અને નિસાસા મૂકતાં. રતનબાના ખોળામાં માથું મુકીને નિતી ભોજન બાદ ગાઢ નિંદ્રામાં સરી ગઈ. પૌત્રીની નિંદ્રામાં ખલેલ ન પહોંચે એ રીતે દાદીમા સ્થિર જ બેસી રહ્યા. દાદીમાનું મન વિચારોમાં ખોવાઈ ગયું. ભૂતકાળનાં દૃશ્યો આંખ આગળથી પસાર થઈ રહ્યાં હતાં. ચાર વર્ષ પહેલાની ઘટના. રતનબાના પતિ કડક સ્વભાવના વ્યાપારી. ઘરમાં પૈસાની છોળો ઉડે પણ બિનજરૂરી ખર્ચ કરવાની કોઈનેય છૂટ નહીં. પુત્ર તપનને પપ્પાની સંપતિનો અહંકાર હતો. ભણવામાં ધ્યાન આપવાને બદલે મોજશોખમાં એણે વધુ ધ્યાન આપ્યું. માંડ માંડ એ ડિગ્રીધારી થયો. ઉધાર લેવાની ટેવ એટલે દેવું વધી જતા લેણદારો ઉઘરાણીએ આવતા. એક રાત્રે ઉઘરાણી કરનાર અપશબ્દો બોલ્યા એટલે તપનના પપ્પાનો પિત્તો ગયો એમણે કમરપટ્ટાની ફટકારથી ઉઘરાણી કરનારને ઝૂંડી નાખ્યો અને એ ભાગી ગયા એટલે બાકીનો રોષ ઉતાર્યો તપન પર. તપન બેહોશ થઈ ગયો ત્યાં સુધી એની પર પટ્ટાનો માર ઝીંકતા રહ્યા. રતનબા વચ્ચે પડ્યાં પણ એમનેય ધક્કો મારી તપનના પપ્પાજીએ બાજુએ હટાવી દીધાં. બસ બીજે દિવસથી બાપ-દીકરા વચ્ચે અબોલા શરૂ થયા. તપન શું કરે છે ? ક્યાં હરે-ફરે છે એની કશી જ માહિતી એણે પોતાનાં મમ્મી-પપ્પાને આપવાનું બંધ કરી દીધું.

અને એક સાંજે એ પાછો ફર્યો ત્યારે વધુના લેબાશમાં એની સાથે મીની હતી. તપને પપ્પાને પગે લાગવાનું ટાળીને મમ્મીના આશીર્વાદ લીધા અને મીનીને લઈને એ પોતાના રૂમમાં ચાલ્યો ગયો. તપનના પપ્પાજીનો ક્રોધ આસમાને પહોંચ્યો હતો. પણ રતનબાએ ખોળો પાથરીને શાંત રહેવા વિનંતી કરી. જિંદગીમાં પહેલીવાર એમણે પોતાની પત્નીની વિનંતી સ્વીકારી. પિતા–પુત્ર વચ્ચે અબોલા ચાલુ રહ્યા. મીની પણ અભિમાનનું પૂતળું હતી. એને મન નહોતું સાસુમાનું મહત્વ કે નહોતું સસરાજીનું મહત્વ. પપ્પાની પ્રતિષ્ઠાને કારણે તપનને એક મોટી કંપનીમાં નોકરી મળી ગઈ. પગાર પણ મોટી રકમનો હતો પણ એ પોતાની તમામ આવક સેર–સપાટા અને મનોરંજન પાછળ વાપરતો.

મીની માતા બનવાની હતી પણ મમ્મી–પપ્પા સમક્ષ એનો આનંદ નહોતો વ્યક્ત કર્યો. રતનબાએ હરખપદુડાં થઈને તપનને એ વાત પૂછી ત્યારે તપને ઉપેક્ષાભાવે એટલું જ કહ્યું મમ્મી અમારી અંગત જિંદગીની વાતો તને કે પપ્પાજીને અમે કરવા બંધાયેલા નથી ! મારે મન “ઘર” એ કેવળ ધર્મશાળા છે. પડી રહેવાની જગ્યા અને પપ્પા ધર્મશાળાના મેનેજર છે. ધર્મશાળામાં ઉતરનાર પોતાની અંગત બાબતોમાં રસ લેવાનો અધિકાર મેનેજરને આપતો નથી. પપ્પાજીએ વહાલ અને વાત્સલ્યને ભોંયમાં ભંડારી દીધાં છે. હું એમનો જ પુત્ર છું. વટકો કટકો ! વડ ટેટાને નમવાની ફરજ પાડી શકે નહીં. નમવું એ ટેટાની મરજીની વાત છે. તારે એમાં વચ્ચે પડવાની જરૂર નથી. સમજી ?

આના પછી રતનબા ચૂપ થઈ ગયા હતા. નિતી એક વર્ષની થઈ ત્યાં સુધી મીની અને તપનના વર્તનમાં કશો જ ફેર ન પડ્યો એકરાત્રે મીની તપનની રાહ જોતી બેઠી હતી અને તપન લથડીયા ખાતો–ખાતો આવ્યો. એણે નશામાં પોતાના પપ્પાજીને નિર્દય, ક્રુર, ધાતકી, ધમંડી જેવા શબ્દો વાપરી ભાંડવાનું શરૂ કર્યું. રતનબાએ મીનીને એને રોકવાનું કહ્યું. પણ મીનીએ સાવ અવળી વાત કરી. મારો તપન ગાંડો નથી કે કંસ જેવા જુલ્મી પિતાનો ત્રાસ સહન કરી પ્રહલાદ બનવાની કોશિશ કરે, એને નશાને માર્ગે હડસેલનાર કોણ? મારા પૂ. સસરાજી ઉર્ફે આપના સરમુખત્યાર પતિ! તમે કંસના રાજ્યમાં ગુલામી ભલે ભોગવો એને એવી ગુલામી મંજૂર નથી. તપન અને મીનીના આવા આકરાં વેણ

સાંભળી તપનના પપ્પાજી રોષાવેશમાં બહાર ધસી આવ્યા. હાથ ઉગામીને તપનને મારવાની કોશિશ કરી પણ મીની વચ્ચે પડી અને એનો ધક્કો વાગતાં તપનના પપ્પાજી ભોંય પર પટકાયાં. પથ્થરની પાળી પર માથું અથડાતાં તેઓ બેહોશ થઈ ગયા અને રતનબાની ચીસ સાંભળી પાડોશીઓ દોડી આવ્યા. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં. લોકલાજે મીની અને તપન હોસ્પિટલ આવ્યા. મોડી રાતે તપનના પપ્પાજીએ આંખ ખોલી થોડા ભાનમાં આવ્યાં એટલે તરત જ મીની અને તપનની હોસ્પિટલ છોડી નીકળી ગયા. રતનબાએ માન્યું કે ચા-નાસ્તો લેવા ગયા હશે અને થોડી વારમાં પાછા આવશે. નાનકડી નિતીએ પણ મમ્મી વગર ધ્રુસકે ધ્રુસકે રડવાનું શરૂ કર્યું. બે ત્રણ કલાક થયા છતાં મીની અને તપન પાછાં ન ફર્યાં. એટલે રતનબાએ ઘેર ફોન કર્યો. કદાચ તપનની તબીઅત સારી નહી હોવાને કારણે મીની એને લઈને ઘેર ગઈ હોય. પણ ફોનની ઘંટડી રણક્તી જ રહી. રતનબાએ પડોશીઓને એ બંનેની ભાળ મેળવવા આજુબાજુ તપાસ કરવા મોકલ્યાં પણ મોડી રાત સુધી કશો જ પત્તો લાગ્યો નહીં.

તપનના પપ્પાને લાગતું હતું કે ભાનમાં આવ્યા છતાં પોતે લાંબુ જીવશે નહીં એટલે પુત્ર અને પુત્રવધૂની તેઓ ક્ષમા માગવા ઇચ્છતા હતા. થોડી થોડી વારે તેઓ એક જ પ્રશ્ન પૂછતા હતા ક્યાં છે તપન ? ક્યાં છે મીની ? બાપ-દિકરાનો સંબંધ તો અતૂટ છે. લાકડી વિઝતા કદી પાણી છૂટા પડે ખરાં ? જે બદલાતા જમાનાની ચાલ નથી સમજી શકતો એની જિંદગીની ચાલને ખુદ જમાનો જ સજા કરતો હોય છે, ઘડપણમાં માણસ કમરથી તો વાંકો વળે છે પણ સાથે સાથે મનથી પણ વાંકો રહે છે. રતનબાના મનને પણ ચેન ન હોતું. તેઓ માનવા તૈયાર નહોતાં કે મીની અને તપન એના પપ્પાજીની આવી ગંભીર હાલતમાં માતાને એકલી અટૂલી મૂકી અદશ્ય થઈ જાય. પડોશીઓ બેઠેલાં હતાં. દુઃખ અને આઘાતથી થાકેલા રતનબાની આંખો બેઠે બેઠે મળી ગઈ ! થોડીવાર પછી જાગ્યાં ત્યારે પડોશમાં રહેતા જયેશભાઈએ એમને કહ્યું. તમે ઊંઘતા હતા ત્યારે એક માણસ આવીને આ બંધ કવર મને આપીને વાયુવેગે પાછો ફર્યો હતો. એટલે એની સાથે કશી વાતચીત ન થઈ. કદાચ તપને કવરમાં પૈસા મોકલ્યા હશે અને એ થોડીવાર પછી આવવાનો હશે.

નાનકડી નિતી સામેના પલંગમાં પોઢેલી હતી. રતનબાએ ધ્રાસકા સાથે કવર ખોલ્યું અક્ષર ઓળખતાં એમને વાર ન લાગી. તપને લખ્યું હતું, મમ્મી આ જન્મના અમારા તમારી સાથેના સંબંધો પૂરા થયા. પપ્પાના એક ચક્રિ સામ્રાજ્યમાં અમને એક સામાન્ય નાગરિકને મળવા જેટલા સામાન્ય અધિકારો પણ મળ્યા નથી. એ સંજોગોમાં હું લાગણીના પૂરમાં તણાઈને તમારી સાથે રહેવા ઇચ્છતો નથી. નિતી તમારા પરિવારની "અમાનત" છે. એટલે તમારી પાસે જ એને રાખજો. બાકી ઈશ્વરની મરજી હશે તેમ થશે. અમારું બહારગામ જવાનું નક્કી હોઈ અમે અત્યારે જ નીકળી ગયાં છીએ.

આ વાંચી રતનબા ભાંગી પડ્યા હતાં. એમણે મન મક્કમ કરી પોતાના કર્તવ્યો એકલે હાથે અદા કરવાનું નક્કી કર્યું. નિતીની સાર સંભાળ માટે આયા નક્કી કરી લીધી હતી. જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલા ખાતા એમના પતિએ એમને બોતેર કલાકથી વધુ સમય માટે સેવાનો મોકો ન આપ્યો અને વૈધવ્યની મનોવેદના વચ્ચે રતનબાએ પોતાના પતિની ક્રિયા પણ એકલપંડે પતાવી હતી. આરામથી જીવી શકે એવી તમામ સુવિધાઓ પણ હાજર હતી છતાં કાળજાને કોરી ખાનારી વેદના એમનાથી જીરવાતી નહોતી. હવે એમણે પોતાનું ધ્યાન પૌત્રી નિતીમાં પરોવ્યું. નિતીને ખુશ રાખવાના પ્રયત્નોમાં તેઓ આખો દિવસ મશગૂલ રહેતા. નિતી પણ હવે મમ્મી-પપ્પા શબ્દ સાવ ભૂલી ગઈ હતી. દાદીમાં જે એના જીવનનું સર્વસ્વ હતાં. એજ એની દુનિયા હતી.

ચાર વર્ષ બાદ એકાએક જ એમને પુત્ર તપનનું સરનામું મળતાં એમણે તેને પત્ર લખ્યો હતો. પત્ર લખતાં પહેલાં રતનબાના મનમાં ભારે સંઘર્ષ ચાલ્યો હતો. તપન પુત્ર કહેવડાવવાને લાયક છે ખરો ? પિતા પ્રત્યેનું ક્રુર વર્તન, પિતા મૃત્યુને બિછાને પડ્યા હોય ત્યારે જવાબદારી અદા કરવાને બદલે પત્ની સાથે પલાયન થઈ જવું. એકનો એક પુત્ર હોવા છતાં પિતાને પિતૃતર્પણના પુણ્યથી વંચિત રાખવા, વિધવા માતાના કે પોતાની પુત્રીનીય ચિંતા રાખ્યા સિવાય પત્ની સાથે અલગ જીવવું. કોઈ નિર્દય પુત્ર પણ મા-બાપની સાથે ન દાખવે એવું અમાનવીય વર્તન દેખાડ્યું હતું તપને.

આટ આટલું વિત્યા પછી પણ રતનબા હાર્યા નહોતાં. ચક્કર આવ્યા બાદ

મેડિકલ ચેક અપ કરાવતાં જે રિપોર્ટ આવ્યો તેને એમને હચમચાવી મૂક્યાં. બ્લડ કેન્સરનો શિકાર બની ચૂકેલાં રતનબા હવે થોડા દિવસોનાં મહેમાન હતા. આ છતાં મા–બાપે "અનાથ" બનવાની પરિસ્થિતીમાં મુકનાર નિતીની ચિંતાએ એમને ખોવાયેલા પુત્રની શરણાગતિ માટે મજબૂર કરી દીધાં હતાં અને એમણે સઘળી હકીકતો પત્રમાં દર્શાવી નિતીને સંભાળી લેવા પુત્રને વિનંતી કરી હતી.

પત્ર તપન વાંચે એ પહેલાં મીનીના હાથમાં પહોંચ્યો. મીનીએ ફોન કરીને તપનને તાત્કાલિક ઘેર આવી જવા જણાવ્યું. તપનને પ્રથમ તબક્કે લાગ્યું કે મીનીની તબિયત બગડી છે પણ મીનીએ સ્પષ્ટ શબ્દોમાં એને જણાવ્યું કે સમાચાર કશી ચિંતાના નહીં પણ લોટરી લાગ્યાના છે. લોટરી ? કેટલા રૂપિયાની ? કે પછી તારા માતા બનવાના સમાચાર મને જણાવવા માટે તો ઘેર નથી બોલાવી રહીને ? તપને પૂછ્યું ઓહો ! એક સામટા બધા પ્રશ્નો મને પૂછીને મુંઝવણમાં નાખીશ કેપછી ઘેર આવ્યા બાદ પૂછવા માટે કશું બાકી રાખીશ કહી મીનીએ ફોન મૂકી દીધો. ઘેર આવ્યા બાદ તપને મમ્મીનો પત્ર વાંચ્યો. પ્રથમ તબક્કે તો એણે વિચાર્યું કે પોતાના મિત્રને મોકલીને નિતીને પોતાની પાસે તેડાવી લેવી. મમ્મી સાથે હવે સંબંધ જેવી કશી લાગણી હૃદયમાં રહી છે જ ક્યાં ?

પણ મીનીનું ગણિત જુદું હતું. એણે કહયું તપન તું સાવ ભોટ છે. લક્ષ્મી સામેથી ચાલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય. રૂપિયા મેળવવા તો લોકો કેવાં કેવાં નાટક કરતા હોય છે. ઘણીવાર તો બનાવટી પુત્ર પણ સગા પુત્ર જેવો દેખાવ કરી લાગણી દેખાડે છે. પણ તું રતનબાનો સગો પુત્ર છે. સગો પુત્ર ગમે તેવો નપાવટ હોય તોય લોકો એને શંકાની નહી પણ શ્રદ્ધાની નજરે જોતાં હોય છે. બસ તારે એક જ કામ કરવાનું છે. અત્યારે જ નોકરીમાંથી રાજીનામું આપી દેવાનું. તારી મમ્મીના મૃત્યુ બાદ સઘળી સંપત્તિનો તું માલિક બની જઈશ. તપનમાંથી તપનશેઠ. મમ્મી પાસે પહોંચીને આપણે ચોધાર આંસુએ રડીશું. એમના પગમાં પડીને માફી માગીશું. એમની ક્ષમાશીલતાનાં ગુણગાન ગાઈશું એટલે લોકલાગણી આપણી તરફેણમાં આમ પણ લોકોની સ્મરણશક્તિ કમજોર હોય છે. માણસને ભૂતકાળની દૃષ્ટિ એ મુલવવાના અને વર્તમાનની નજરે મૂલવવાના માપદંડ જુદા હોય છે. લોકો આપણને કૃત્રિમ લાગણી દાખવતાં જોઈ આપણા પ્રત્યે

સહાનુભૂતિ દેખાડશે. આટલી સીધી વાત તને કેમ સમજાતી નથી.

તપન અને મીની મમ્મીને ઘેર પહોંચી ગયા. યોજના મુજબ લાગણી પ્રદર્શનનું નાટક. માતા પાસે ક્ષમા માગવાનો દંભ અને પરોપકારી પડોશીઓની પેલી ઘસાઈ ગયેલી વાતનો પુનઃ પુનઃ ઉચ્ચાર "છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય" અને રતનબાએ પુત્ર અને પુત્રવધુને ક્ષમાદાન આપ્યું. એટલે તપન અને મીનીને લાગ્યું કે તાક્યું તીર સફળ થયું. ચૂમીઓના વરસાદથી ભીંજવીને નિતીનું મન પણ જીતી લીધું. એ પછી પંદર દિવસથી વધુ પુત્રપ્રેમ અનુભવવાની રતનબાને કુદરતે છૂટ નહોતી આપી. અને એમના અવસાન બાદ માતૃતર્પણ કરીને તપને લોકલાગણીને પોતાના પક્ષમાં કરી લીધી હતી. મીનીનાં આનંદનો પાર નહોતો. પોતાને શેઠાણી બનવાનો મોકો મળ્યો એટલે એ ફુલાઈને ફાળકો થઈ ગઈ હતી અને નિતીને લઈને તપન તથા મીની પોતાના મકાનનો સામાન "માતૃકૃપા"માં લાવવા વિદાય થયા.

અઠવાડિયા પછી સામાન સાથે ટ્રક આવી પહોંચતા પડોશીઓ ભેગાં થઈ ગયાં અને ઠાઠથી મીની અને તપન કારમાંથી નીચે ઉતર્યા હતાં ઉતાવળીયા પડોશીએ તપનને પૂછ્યું હતું તપન તને ખબર નથી ? રતનબાએ મરતાં પહેલાં પોતાની તમામ સંપત્તિનું ટ્રસ્ટ બનાવીને આ બંગલો વૃદ્ધાશ્રમ ચલાવવા ટ્રસ્ટીઓને સોંપી દીધેલ છે. કાલે જ ટ્રસ્ટે કાયદેસરની વિધિ પરીપૂર્ણ કરી બંગલાને સીલ કરી દીધો છે અને સાંભળ્યું છે કે નિતી પુખ્ત ઉંમરની થાય ત્યારે મોટી રકમ એને ટ્રસ્ટ દ્વારા આપવામાં આવે એવી જોગવાઈ પણ થયેલી છે. આ સાંભળીને મીની અને તપન પર આભ તૂટી પડ્યું. ટ્રક-ડ્રાઈવર ટ્રકને રિવર્સ કરી તપનના આદેશની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

આઘાતથી ભરેલા તપન અને મીની રતનબા પર ફીટકાર વરસાવતાં હતા. કારણ કે મીનીશેઠાણી અને તપનશેઠ ના સપના ભસ્મીભૂત થયેલાં. જિંદગીભર તમે જેના ભરોસે જીવ્યા હોય એ સંબંધ ખારો નીકળે ત્યારે શું થાય ?

પ્રેમને વ્યક્ત કરવા રૂપિયાની નહીં ત્યાગની જરૂર પડે છે.

**- દિલીપ શાહ, મુંબઈ**
**મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**

# MAYBE THAT'S THE WAY IT SHOULD BE!



Should I cry because he walked out?
Or be happy for the time spent and memories made?

Should I cry because I lost my purse?
Or be happy for the new handsel bought?

Should I cry because he didn't pull a chair for me?
Or be happy that he asked me out?

Should I cry because I didn't win?
Or be happy that I tried and didn't give up?

Should I cry because I think I don't make enough money?
Or be happy that I at least have a roof over my head and a plate of food twice a day?

Should I cry for the lost opportunities?
Or be happy for the new doors opening for me?

Should I cry because I didn't get what I wanted?
Or be happy for all the dreams I can visualise anew?

Should I cry because I was rejected?
Or be happy for the lessons learnt?

Should I cry because I didn't top the exams?
Or be happy that I got to do what a great deal of people dream about but can't?

Should I cry because I met with an accident?
Or be happy to be at least alive?

Should I curse God for not listening to me?
Or be happy for his bigger and better gifts?

Should I thank you for your reading and patience?
Or be happy to just be able to pen down my thoughts?

**- Dr Foram Amish Parikh,**
**M. 94081 86936**

# જૂના રીતરિવાજો - "સૂતક"



તાજેતરમાં એકદમ નજીકનાં સંબંધી સ્વર્ગસ્થ થતા કેટલાક જૂના રીત-રિવાજોને લગતા સવાલો પેદા થયા. કયા કુટુંબીજનોને સૂતક લાગે, કેટલા દિવસનું લાગે, એમાં શું શું કરવાનું હોય વગેરે વગેરે. આ સવાલોના કોઈ સીધા જવાબ નથી મળતા. વરસો પહેલાં કોઈ સંબંધીના સ્વર્ગવાસના સમાચાર મળે તો ઘરનાને ચિઠ્ઠીમાં નામ લખી આપવામાં આવતી અને ચિઠ્ઠી વાંચીને તુરંત સ્નાન કરવાનું કહેવામાં આવતું. કોને કેટલા દિવસનું સૂતક લાગે તેની ગણત્રી કુટુંબનો "આંબો" જોઈને કરવામાં આવતી. માત્ર સ્નાન કરવાનું આવે કે ૧ દિવસ, ૩ દિવસ કે ૧૩ દિવસના સૂતક લાગે.

કચ્છી વાયડા વણિક જ્ઞાતિના પૂર્વજોએ family tree એટલે કે કુટુંબનો આંબો તૈયાર કરેલ જે છેલ્લે ૨૦૧૦માં અપડેટ કરી વસ્તીપત્રકના અંતે પુરવણી તરીકે પ્રસિદ્ધ થયેલ. આમાં આઠ કુટુંબો અને તેમના ગોત્રજની વિગત આપવામાં આવી છે. એમ કહેવાતું કે એક દાદાએ પૌત્રના સંબંધમાં મરણ થાય તો ૧૩ દિવસના સૂતક લાગે અન્ય વિગત ઉપલબ્ધ નથી. તેથી અલગ અલગ સુત્રોના માધ્યમથી નીચેની વિગતો સંકલિત કરેલ છે.

સૂતકનો અર્થ અલગ અલગ માધ્યમ પ્રમાણે કાંઈક આવો છે :

(૧) બાળકના જન્મને કારણે લાગતું વૃદ્ધિ સૂતક

(૨) મરણ થતાં કુટુંબીઓને લાગતું આ શૌચ સૂતક

(૩) સગાસંબંધીમાં જન્મ અને મરણ વગેરેથી પાળવામાં આવતી આભડછેટ.

(૪) ક્વોરેન્ટાઈન - જો કોઈને ચેપી રોગ લાગુ પડ્યો હોય તો તે વ્યક્તિને કે ગ્રુપને સૂતકમાં ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવે છે.

સૂતક એટલે સરળ ભાષામાં શુદ્ધિકરણ. પંચમહાભૂત દેહમાંથી કોઈ પણ

વસ્તુનો પ્રવેશ અથવા નિકાસ થવા પર આપણે શરીરની શુદ્ધિ કરીએ છીએ, તે જ રીતે બાળકનો જન્મ થતા તથા જીવનો દેહમાંથી ઉત્સર્ગ થતા તેની પણ શુદ્ધિ કરવી જરૂરી હોય છે. અને તેને આપણે સૂતક તરીકે ઓળખીએ છીએ. જ્યારે બાળક જન્મે ત્યારે એ નવો જ દુનિયામાં આવ્યો હોય છે. જો સૂતક ના હોય તો બધા એને સ્પર્શ કરે જેથી ઈન્ફેક્શન લાગવાની બીક રહે. તેવી જ રીતે માતાના શરીરને પણ અસર થાય છે. તેથી તેને હીલીંગનો સમય આપવો પડે. આમ બાળક અને માતાને એકબીજા સાથે વધુ સમય મળે.

સૂતકની વિશેષ વિગતો આપણે હિંદુ સનાતન ધર્મના ગરુડ પુરાણના છઠ્ઠા અધ્યાયના પાંચમાં ખંડમાં જોવા મળે છે. તે જ હિન્દુ શાસ્ત્રોમાં માનવામાં આવે છે. સૂતક પાળવાથી મૃત્યુ પામેલા જીવની સદ્ગતિ થાય છે અને તે જીવ અન્ય યોનિમાં ભટકવાના ત્રાસમાંથી મુક્તિ મેળવે છે અને વૃદ્ધિ સૂતકમાં જીવને પરમ શાંતિ મળે છે. જ્યારે કે સૂતક પાળનારને જીવના ઋણમાંથી મુક્તિ મળે છે.

સૂતકમાં જે કામ ખૂબ જ જરૂરી હોય, જેના ન કરવાથી જાન-માલનું નુકશાન થાય તેમ હોય તો તેવા એક વિશેષ કામની વિશેષ છૂટ વિશેષ સ્થિતિઓમાં આપવામાં આવેલ છે. આ નિયમો પિતૃના સમયથી ચાલ્યા આવે છે. એટલે જડતા રાખ્યા વગર તેના પાલનથી નિયમો અને સંસ્કૃતિ જળવાય છે.

- સંકલન, **અમૃતભાઈ વાયડા, મુંબઈ**
**મો. ૯૮૨૧૪ ૬૩૭૯૫**

Bank Details for donations towards Education / Medical or other purposes (other than Vayadamitra)
Shree Vayada Vanik Seva Trust,
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3667111655,
IFSC Code.: CBIN0280553

## દિવાળી અંક અંગે

### જિંદગીએ મને શું શીખવ્યું?

આપણે ન હતા ત્યારે 'એ' હતી. આપણે નહીં હોઈએ ત્યારે પણ 'એ' હશે. જન્મ અને મૃત્યુ વચ્ચે આપણને જિંદગી મળી છે. આ જિંદગી પાસેથી આપણે શું શીખ્યાં.

વાયડામિત્રના દિવાળી અંકમાં જિંદગીએ મને શું શીખવ્યું વિષય અંગે આપના વિચારો અને અનુભવો સત્ય અને પ્રામાણિક્તાથી વધુમાં વધુ ચારસો શબ્દો / બે પાના માં લખી અમને મોકલી આપો.

કૃતિઓ મોકલવાની છેલ્લી તારીખ **૧૫-૯-૨૦૨૫** છે. પસંદ કરેલી કૃતિઓને વાયડામિત્રના દીપોત્સવની અંક ૨૦૨૫માં સ્થાન આપવમાં આવશે. આપની કૃતિઓ ટપાલ દ્વારા, ઇ મેલ naparikh7@yahoo.in અથવા વોટ્સ અપ નંબર ૯૪૨૮૪ ૬૧૮૨૨ પર મને મોકલી આપો.

– તંત્રી

## દિવાળી અંકના ટાઈટલ કવર પેજ અંગે

ગત વર્ષે ના દિવાળી અંકના પેજ નં: ૧૯૯-૨૦૦ પરની મલ્ટીકલર જાહેરખબર, આ વખતે પેજ નં: ૫-૬ પર લેવાનું નક્કી કરેલ છે. જેની નોંધ લેશો.

– તંત્રી

## દીપોત્સવી અંક અંગે

- ‘વાયડામિત્ર’ને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો જણાવવા આગ્રહભરી વિનંતી છે.
- આ વર્ષે દિવાળી અંક સપ્ટેમ્બર–ઑક્ટોબર નો **સંયુક્ત અંક ઓક્ટોબર માસ**માં પ્રસિદ્ધ થશે જેથી સપ્ટેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ નોંધ લેવા વિનંતી છે.
- ૨૦૨૪ ના દિવાળી અંકમાં જેમની જા.ખ. છપાઈ હોય તે સૌની જા.ખ. આ વર્ષે પણ રિપીટ કરવામાં આવશે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો **તા. ૧૫–૦૯–૨૦૨૫** સુધીમાં ફક્ત લેખિતમાં જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- **આ વર્ષે બેક કવર પેજની આગળની બે પેજ ની જા.ખને અંકની શરૂઆતમાં સમાવવામાં આવશે.**
- દિવાળી અંકના ટાઈટલ પેજ ઉપર ઘણાં જ્ઞાતિજનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૪૧૦૦/– તથા ૬(છ) ટાઈટલ કવર પેજનો દર રૂ. ૨૭૦૦/– રાખેલ છે. આ અંગે તા. ૧૫–૦૯–૨૦૨૫ પહેલાં જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને **મલ્ટી કલર પેજ છાપવાનો દર રૂ. ૨૧૦૦/–** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ. ૧૦૦૦/–** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ. ૫૦૦/–** છે.
- માત્ર દિવાળી અંક માટેની પેનલ જા.ખનો દર **રૂ. ૨૫૦/–** રાખેલ છે.
- દિવાળી અંકમાં જા.ખ અંગે વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખનો (મો. ૯૪૨૭૯ ૫૪૯૬૮) **તા. ૧૫–૦૯–૨૦૨૫ પહેલા** સંપર્ક કરવો.
- દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની **છેલ્લી તા. ૧૫–૦૯–૨૦૨૫** છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા.

પ્રિય જ્ઞાતિ સભ્યો,

માર્ચ ૨૦૨૫, વાયડ ખાતે યોજાઈ ગયેલ બંને કાર્યક્રમોમાં તમારા અદ્‌ભુત સમર્થન બદલ આભાર. આટલી મોટી સંખ્યામાં જ્ઞાતિ સભ્યોની ભાગીદારી આવનારા દિવસોમાં ચોક્કસપણે આપણી જ્ઞાતિ માટે વધુ સારું કાર્ય કરવા માટે પ્રેરિત કરશે.

સંસ્થા પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખના વિઝન 'CONNECTING MUTUAL STRENGTHS' ને સાકાર કરવા અમો ટ્રસ્ટીઓએ જ્ઞાતિની એક મોબાઈલ એપ્લિકેશન કમ વેબસાઇટ 'VAYVASET' વિકસાવવાનું નક્કી કર્યું છે જે આપણને બધાને એકબીજા સાથે ખૂબ જ શક્તિશાળી અને અસરકારક રીતે જોડવામાં મદદ કરશે અને સાથે આપણને વ્યાવસાયિક જોડાણ માટે પ્લેટફોર્મ પણ પ્રદાન કરશે. આ એપ્લિકેશન ખૂબ જ અત્યાધુનિક ટેક્નોલૉજી પર આધારિત હશે અને તે દરેક જ્ઞાતિ સભ્ય માટે ખૂબ જ વપરાશકર્તા મૈત્રીપૂર્ણ અને ઉપયોગમાં સરળ હશે.

આ એપ્લિકેશનનો ખર્ચ લગભગ રૂ. ૨.૫ લાખ (૨,૫૦,૦૦૦/–) રૂપિયા હોવાનું અનુમાન છે. અમે, જ્ઞાતિ સભ્યોને આ એપ્લિકેશનના વિકાસમાં યોગદાન આપવા માટે આમંત્રિત કરવા માંગીએ છીએ અને ઇચ્છીએ છીએ કે દરેક જ્ઞાતિ સભ્ય આપણી જ્ઞાતિની શક્તિ દર્શાવવા માટે થોડી રકમનો પણ ફાળો આપે. યોગદાન ઓછામાં ઓછું ૧૦૦૦/– જેટલું હોઈ શકે છે અને વધુમાં તે કોઈ પણ રકમ સુધી જઈ શકે છે. દરેક જ્ઞાતિના સભ્યોનું આ નાનું યોગદાન આપણા પરસ્પર સંબંધો તેમજ સહયોગને મજબૂત બનાવવામાં ખૂબ મદદ કરશે.

આવા યોગદાન માટે તમે શ્રી વ્રજેશ પરીખ, સેક્રેટરી : (મો)૯૮૨૫૦ ૯૭૫૭૨ અથવા શ્રી મેહુલ શાહ, ટ્રેઝરર અને જોઈન્ટ સેક્રેટરી (મો)૯૬૦૧૯ ૮૭૮૮૪ નો સંપર્ક કરી શકો છો.

એક એવી એપ્લિકેશન વિકસાવવામાં તમારા યોગદાન માટે હું આતુર છું જે આપણી જ્ઞાતિ પ્રવૃત્તિઓને ઉચ્ચતર સ્તર પર લઈ જશે. આભાર.

**– વ્રજેશ પરીખ, સેક્રેટરી**

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## શૈક્ષણિક સહાય

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે વર્ષ ૨૦૧૮ થી શૈક્ષણિક જરૂરિયાત સંદર્ભે નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે. સદરહુ સહાય પાત્ર હોય તેવા જ્ઞાતિજન પૂરતી મર્યાદિત છે. આ યોજના અંતર્ગત આર્થિક રીતે જરૂરિયાત હોય તેવા જ્ઞાતિજનોએ નાણાકીય સહાય મેળવવા નીચે જણાવેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે.

અરજી મોકલવાનું નામ અને સરનામું :

શ્રી ધીરેનભાઈ કે. પરીખ : ૩૦૨-૩૦૫, શિલ્પ અપેરિયા, હોટેલ પ્લાનેટ લેન્ડમાર્કની બાજુમાં, નેપ્ચુન હાઉસ પાસે, ઇસ્કોન-આંબલી રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮.

શિક્ષણને લગતી તમામ સહાય ટ્રસ્ટના નીતિ નિયમને આધીન રહેશે. આ અંગે સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જ્ઞાતિજનને કરવામાં આવેલ શિક્ષણ સહાયની તમામ માહિતી ખાનગી રાખવામાં આવશે.

આ વિષે વધુ જાણકારી મેળવવા શ્રી વ્રજેશભાઈ એન. પરીખ (મો. ૯૮૨૫૦૯૭૫૭૨) અથવા શ્રી મેહુલભાઈ એસ. શાહ (મો. ૯૬૦૧૯૮૭૮૮૪) નો સંપર્ક કરવા વિનંતી.

**- શ્રી ધીરેનભાઈ કે. પરીખ**

**પ્રમુખ**

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ



# Shree Vayada Vanik Seva Trust

## APPLICATION FOR FINANCIAL ASSISTANCE FOR EDUCATION.

Student's Name :

**વિદ્યાર્થીનું નામ** :

Residential Address :

**રહેઠાણનું સરનામું** :

Age / **વિદ્યાર્થીની ઉંમર** :

Standard/Semester Studying :

**અભ્યાસનું વર્ષ/સેમિસ્ટર** :

Under going course (For higher Study only) :

**કોર્સનું નામ :**

School/College/Institute Name And Address :

**સ્કૂલ / સંસ્થાનું નામ તથા સરનામું** :

Grade/(%) obtained in Last Exam :

**ગત પરીક્ષામાં મેળવેલા માર્ક્સ** :

School/College/Institute Fees (Annual) :

**સંસ્થાની ફી (વાર્ષિક)** :

Private Class /Tution Fees (Annual) :

**ટ્યુશન ફી (વાર્ષિક)** :

Study Material Cost (Annual) :

**વાંચન સાહિત્યની કિંમત** :

Seminar/Conference Fees (Annual) :

**સેમીનાર - કોન્ફરન્સ ફી** :

Total education cost (Annual) :

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

વાર્ષિક કુલ ખર્ચ :

Father's Name & Age :

પિતાનું નામ – ઉંમર :

Father's Occupation :

પિતાની આર્થિક પ્રવૃત્તિ :

Mother's Name and Age :

માતાનું નામ – ઉંમર :

Mother's occupation :

માતાનો વ્યવસાય :

No. of Brothers and Sisters :

ભાઈ–બહેનોની સંખ્યા :

Annual Income of Family (INR) :

કુટુંબની વાર્ષિક આવક :

Phone No. (M) :

ફોન નં. (મો.) :

Email ID :

ઇ–મેલ આઇ ડી :

Financial Assistance Received :

from other sources(INR)

બીજી કોઈ સંસ્થા તરફથી આર્થિક

મદદ મળી હોય તો તેની વિગત

Financial Assistance Required (INR) :

જરૂરિયાતની રકમ

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## સ્વાસ્થ્ય સહાય

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપક્રમે સ્વાસ્થ્ય સંદર્ભે નીચે જણાવેલ યોજનાઓ અમલમાં મુકેલ છે.

### નાણાકીય સહાય

સ્વાસ્થ્ય સંદર્ભે પાત્ર હોય તેવા જ્ઞાતિજનોને નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત આર્થિક રીતે જરૂરિયાત હોય તેવા જ્ઞાતિજનોએ નાણાકીય સહાય મેળવવા નીચે જણાવેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે.
અરજી મોકલવાનું નામ અને સરનામું : શ્રી ધીરેનભાઈ કે. પરીખ, ૩૦૨-૩૦૫, શિલ્પ અપેરીયા, હોટેલ પ્લાનેટ લેન્ડમાર્કની બાજુમાં નેપ્ચુન હાઉસ પાસે, ઇસ્કોન-આંબલી રોડ, અમદાવાદ-૩૮૦૦૫૮.

સ્વાસ્થ્યને લગતી તમામ સહાય ટ્રસ્ટના નીતિ નિયમને આધીન રહેશે. આ અંગે સમિતિનો નિર્ણય આખરી ગણાશે. જ્ઞાતિજનને કરવામાં આવેલ સ્વાસ્થ્ય સહાયની તમામ માહિતી ખાનગી રાખવામાં આવશે.

### સ્વાસ્થ્ય સંબંધી યોજના

સમસ્ત જ્ઞાતિજનોના લાભાર્થે સ્વાસ્થ્ય કાળજી, તપાસ તથા દવાઓ માટે સમયાંતરે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવશે. આ અંતર્ગત સ્વાસ્થ્ય પરીક્ષણ તથા દવાઓ અંગે કરેલ ખર્ચ સામે જ્ઞાતિજનોને વળતર મળી રહે તે અંગેનું આયોજન કરેલ છે. સદરહુ યોજના ભારતમાં વસતા સમસ્ત જ્ઞાતિજનોને આવરી લેવાનો ઉદ્દેશ છે. યોજનાનું અમલીકરણ સ્થાનિક સંસ્થા સાથે સંકલન કરી કરવામાં આવશે. આ વિષે જ્ઞાતિજનોને વખતોવખત વાયડામિત્ર અને વોટ્સઅપ સંદેશ મારફતે વિદિત કરવામાં આવશે.

આ વિષે વધુ જાણકારી મેળવવા શ્રી વ્રજેશભાઈ એન. પરીખ (મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨) અથવા શ્રી મેહુલભાઈ એસ. શાહ (મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪) નો સંપર્ક કરવા વિનંતી.

**- શ્રી ધીરેનભાઈ કે. પરીખ, પ્રમુખ**
શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## SHREE VAYADA VANIK SEVA TRUST
## APPLICATION FOR FINANCIAL ASSISTANCE FOR HEALTH

Name of the Applicant
**અરજી કરનારનું નામ**

Address of the Applicant
**અરજી કરનારનું સરનામું**

Name of the Patient
**દર્દીનું નામ**

Residential Address
**રહેઠાણનું સરનામું**

Patient's Age
**દર્દીની ઉંમર**

Under going treatment
**સારવારની વિગત**

Estimated Expenses
**સારવારનો અંદાજિત ખર્ચ**

Medical Expenses
**દવાઓનો અંદાજિત ખર્ચ**

Annual Income of Family (INR)
**કુટુંબની વાર્ષિક આવક (રૂ.)**

Phone No. (M)
**મોબાઈલ નં.**

Email ID (If any)
**ઇમેઇલ (જો હોય તો)**

Financial Assistance received from other sources (INR)
**અન્ય સ્રોત્ર દ્વારા મળેલ સહાય (રૂ.)**

Financial Assisstance Required (INR)
**જરૂરિયાતની રકમ (રૂ.)**

Applicant's Signature
**અરજી કરનારની સહી**

## હવન

વાયડ મુકામે ભાદરવા સુદ ૬નો હવન તારીખ ૨૯–૮–૨૦૨૫ને શુક્રવારના રોજ થશે. શ્રીફળ સાંજે ૪–૩૦ કલાકે હોમાશે. સર્વે જ્ઞાતિજનોએ દર્શન તથા પ્રસાદનો અવશ્ય લાભ લેવો. જે જ્ઞાતિજનો સાંજે પ્રસાદના સમયે આવવાના હોય તેમને અગાઉથી મને જાણ કરવા વિનંતી જેથી વ્યવસ્થા કરી શકાય. આ વખતે હવનમાં પાટણના શ્રી હિરેનભાઈ જશવંતલાલ પરીખ બેસવાના છે.

**શશાંકભાઈ શાહ**
પ્રમુખ

**અજય પરીખ**
મંત્રી
(મો) ૯૮૨૪૬ ૬૭૩૨૩

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ભાદરવા સુદ ૬, તા. ૨૯–૮–૨૦૨૫, શુક્રવારના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ખાતે યોજાનાર હવન તથા ધજાજીના યજમાનનો લાભ લેવા માટેની ઉછામણી તા. ૧૭–૮–૨૦૨૫ ને રવિવારે સવારે ૧૧–૩૦ વાગ્યે શ્રી વાયુદેવતાજી મંદિર, નારાયણ નગર, અમદાવાદ ખાતે રાખેલ છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને આમંત્રણ છે.

મેહુલ સુધીરભાઈ શાહ, પ્રમુખ
શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## હવન

સ્નેહી જ્ઞાતિજનો,

આપ સૌને સહર્ષ જણાવવાનું કે ચાલુ સાલે આપણા કુળદેવતા શ્રી વાયુદેવતાનું મંદિર બાજવાડા, વડોદરા ખાતે ભાદરવા સુદ-૫ નો હવન તા. ૨૮-૮-૨૦૨૫ને ગુરુવારના રોજ યોજાશે.

શ્રીફળ હોમવાનો શુભ સમય સાંજના ૬-૦૦ કલાકે રહેશે. હવનમાં યજમાન થવા માટે શ્રી વાયુદેવતાજીના મંદિરે, પૂજારી શ્રી દત્તુભાઈ (મો. નં. ૯૮૯૮૩ ૦૭૫૧૦)ને જણાવશો.

વડોદરામાં વસતાં સૌ વાયડા વણિક જ્ઞાતિજનોને હવનમાં પધારવા અને પ્રસાદનો લાભ મેળવી કુળદેવતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા આમંત્રણ છે. હવનની પૂર્ણાહૂતિ બાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિના ઉત્કર્ષ માટે આપણા પ્રાચીન પુરાણગ્રંથ શ્રી વાયુપુરાણનું પારાયણ જ્ઞાતિના પ્રતિનીધી દવારા હાથ ધરાવામાં આવશે.

ચાલુ વર્ષે ભાદરવા સુદ-૬ની ઉજાણીનું પણ આયોજન કરવામાં આવશે. જેની વિગતો નક્કી થયા બાદ જ્ઞાતિના વોટ્સપ ગ્રુપમાં મુકવામાં આવશે તેની નોંધ લેશો.

**- વાયડા વણિક સમાજ વડોદરા**

## શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ

સુજ્ઞ જ્ઞાતિજનો

સહર્ષ જણાવવાનું કે આ વર્ષે ચૈત્ર સુદ છઠ નો માતાજીનો હવન તારીખ ૨૯-૮-૨૦૨૫ શુક્રવારના રોજ છે.

હવનનું સ્થળ : ગ્રાઉન્ડ ફલોર, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ

શ્રીફળ હોમવાનો સમય સાંજે ૬-૩૦ કલાકે

- **નિલેશ શાહ**, ઉપ પ્રમુખ

## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ તરફથી ૨૮-૩-૨૦૨૫ના રોજ "I can also sing" કાર્યક્રમના ભાગરૂપે એક મનોરંજક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેનો મુખ્ય ઉદ્દેશ Hidden talent બહાર લાવવાનો હતો. સૂર્ય આઈકન સ્ટુડિયો, નારણપુરા ખાતે Karaoke singing નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૪ બહેનોએ હાજરી આપી અને ૧૦ થી પણ વધારે સભ્યોએ કરાઓકે મ્યુઝિક સાથે પોતાના ગીતોની રજૂઆત કરી. આ કાર્યક્રમ દરમિયાન બહેનોએ ગીતો સાથે ડાન્સ પર્ફોમન્સ પણ કર્યુ અને મન મૂકીને હસી મજાક સાથે આનંદ માણ્યો. ચા - નાસ્તાને ન્યાય આપીને જય શ્રી કૃષ્ણ કહી સૌ છૂટા પડ્યા.

---

ઉનાળાની સખત ગરમી પછી તા. ૧૭-૭-૨૦૨૫ના રોજ ગેટ ટુ ગેધર ના પ્રોગ્રામનું આયોજન પૃથ્વી આર્ટ સેલિબ્રેશનમાં કરવામાં આવ્યું અને આ કાર્યક્રમ દરમિયાન ૫૦ બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. બહેનોની સદા પ્રિય હાઉસીની રમત માણી. ત્યારબાદ 'પોતાનો ફુગ્ગો બચાવો' એવી રમત સાથે એવો સંદેશ આપ્યો કે આપણે આપણા ફાયદા માટે બીજાને નુકશાન કરાય નહીં. સાથે રહીને બધા જ ફુગ્ગા બચાવી શકાય.

ત્યારબાદ કમિટી મેમ્બર અલ્પા ભાવિન શાહના જન્મદિવસ નિમિતે કેક ડિસ્ટ્રીબ્યુશન અને કેક કટીંગ પ્રોગ્રામનો બહેનોએ આનંદ માણ્યો અને અલ્પાબેનને શુભેચ્છા પાઠવી. ત્યારબાદ ચા નાસ્તો કરીને આનંદપૂર્વક જય શ્રી કૃષ્ણ કહી સૌ બહેનોએ રજા લીધી. કિન્નરીબેન પરીખ તરફથી રૂ. ૧૦૦ જન્મદિવસ નિમિત્તેની ભેટ મળેલ છે.

**- મીતા પરીખ, પ્રમુખ**
**લીના પરીખ, સેક્રેટરી**

# શબ્દવ્યુહ ૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ■ | ૬ | |
| ૭ | | | ■ | ૮ | | | | ■ |
| | ■ | ૯ | | | ■ | ■ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | | ■ | ■ | ૧૪ | ૧૫ | ■ | |
| ■ | | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | ■ | | ■ |
| ■ | ૨૪ | | ૨૫ | ■ | | ■ | ૨૬ | ૨૭ |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | | ■ |

**આડી ચાવી :** (૧) પ્રસંગોપાત, કદી–કદી ૬ (૬) કમળ–૨ (૭) ઊંચા કુળનું આબરૂદાર–૩ (૮) માખણ–૪ (૯) તેજી, સ્ફૂર્તિ–૩ (૧૦) કમાણી, લાભ, ફાયદો–૨ (૧૨) વાયદાના ભાવ પર રમાતો એક જુગાર–૩ (૧૪) ખામી, દોષ–૨ (૧૬) નિર્દય–૨ (૧૮) ખાડાટેકરા વિનાનું–૩ (૨૦) સરસ્વતી–૩ (૨૨) પ્રકાશ શોભા, કિરણ–૨ (૨૪) પ્રાર્થના, ઈબાદત–૩ (૨૬) જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ–૨ (૨૮) કાપીને મારી નાખવું તે–૨ (૨૯) પીડા કરતું વળગણ, દુ:ખ–૨ (૩૦) વટાવેલું, આરપાર ગયેલું–૩ (૩૧) ચીવટ, કાળજી–૨ (૩૨) મંદ, સુસ્ત–૩

**ઉભી ચાવી :** (૧) સોનામહોર-૪ (૨) ઘોડો-૨ (૩) ગતિ, વેગ, ઝડપ-૪ (૪) નમૂનો-૩ (૫) અવાજ-૨ (૬) પડતી, નાશ-૩ (૧૧) નકામુ, વ્યર્થ-૩ (૧૩) ચામડાનો પટો-૫ (૧૫) સોના-રૂપાના ભાવનો આંક, સાર, સત્વ-૨ (૧૭) સૂર્ય-૨ (૧૯) મોટી સાળી-૫ (૨૧) ફરિયાદ, અરજ, ઇન્સાફ-૨ (૨૩) નસીબ-૨ (૨૫) બદબોઈ, નિંદા, આળ-૩ (૨૭) ૩ ફૂટ જેટલું માપ, ઢીલ, વિલંબ-૨ (૨૮) વચનને વળગી રહેવું તે, પ્રમાણિકપણું, વિશ્વાસ-૨ (૩૦) ઘડીનો સાઠમો ભાગ, ૨૪ સેંકડ, ક્ષણ-૨

## શબ્દવ્યૂહ ૧૧ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મા | દ | રે | વ | ત | ન | | રા | ખ |
| વ | ખ | | ફા | ર | સ | | ન | ત |
| જ | લ | દ | | જુ | લ | મ | | ર |
| ત | | | ગ | મો | | લ | લ | ના |
| | સ | મા | જ | | ચ | કા | ચ | ક |
| શિ | ર | | વે | | લ | ટ | કો | |
| કા | પા | | લ | ગા | મ | | | શ |
| ચ | વ | ન | | રો | | વ | ગ | ર |
| ત | | શો | ભા | | જા | ગ | ર | ણ |

**પરિણામ :**

બધા ખરા : (૧) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૨) દિપકભાઈ દલાલ મુંબઈ (૩) સ્મૃતિ આર. શાહ, અમદાવાદ (૪) પ્રફુલ્લાબેન જે. શાહ, અમદાવાદ (૫) જયશીલ મારફતિયા મુંબઈ (૬) રશ્મિબેન કે. શાહ, અમદાવાદ (૭) પ્રતિમા કે. શાહ, વડોદરા (૮) અશોકભાઈ આર. પરીખ પાટણ (૯) નીલા જે. મહેતા, મુંબઈ (૧૦) ગીતાબેન પી. શાહ, અમદાવાદ (૧૧) ઉમાકાંત જે. પરીખ, અમદાવાદ (૧૨) મધુરી કિનખાબવાલા, અમદાવાદ (૧૩) કિર્તીબેન કે. શાહ, વડોદરા (૧૪) રોહિત સી. પરીખ વડોદરા.

એક ભૂલ : (૧) માધવી એન. પરીખ અમદાવાદ (૨) સુધાબેન આર. શાહ, અમદાવાદ (૩) વર્ષાબેન એમ. ચોકસી અમદાવાદ (૪) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા) (૫) ઈલાબેન પી. શાહ, પાટણ

બે ભૂલ : (૧) ડૉ. ગુર્જરી ગાંધી ડીસા (૨) હરેશ એમ. પરીખ, પાટણ (૩) અંજના જી. શાહ, અમદાવાદ

**નોંધ :** જવાબો ૨૫ તારીખ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને મોબાઈલ : (૧) ૯૭૨૬૦ ૪૦૨૬૨ અથવા (૨) ૮૭૫૮૩ ૩૪૩૪૭ પર મોકલી આપવા. બપોરે ૧.૦૦ થી ૪.૦૦ સિવાય ના સમયે ફોન કરવો.

**અંક ન મળવા અંગે**

વાયડામિત્રની તમામ નકલો દર મહીનાની દસ તારીખે પી.એસ.ઓ ઓફિસ, અમદાવાદમાં આપવામાં આવે છે જેની પહોંચ અમે જ્ઞાતિના તમામ વોટસએપ ગ્રુપમા મોકલીએ છીએ. વાયડામિત્રના સભ્યોનું એડ્રેસ લીસ્ટ (પી.ડી.એફ ફાઈલ) પણ ગ્રુપમાં મોકલીએ છીએ. જ્ઞાતિજનો પોતાનું નામ તેમાં ચેક કરી શકે છે. ૨૫ તારીખ સુધી અંક ન મળે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને તેમનું નામ તથા સરનામુ વોટસએપ કરી શકે છે. વ્યવસ્થાપક પાસે વધારાની નકલ હશે તો સાદી પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને તેનો ફોટો પાડીને જે તે ગ્રાહકને મોકલવામાં આવશે.

ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

# જ્ઞાતિ સમાચાર

સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

## પરીક્ષા પાસ

**રાજકોટ :** હર્ષ વિપુલ શાહ, IIIT બેંગલોરમાંથી ઇન્ટીગ્રેટેડ M. Tech. (કોમ્પ્યુટર–સાયન્સ) માં ૩.૨૯ / ૪ CGPA મેળવી ઉત્તીર્ણ થયેલ છે.

## સગાપણ

**અમદાવાદ :** મૂળ પાટણના શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખની સુપુત્રી ચિ. ઉન્નતિના સગાપણ અમદાવાદ નિવાસી શ્રી ગોપાલભાઈ હસમુખલાલ શાહ (દશા ઝારોળા)ના સુપુત્ર ચિ. ધ્રુવ સાથી તા. ૦૫–૭–૨૦૨૫ના રોજ થયા.

## અવસાન

**મુંબઈ :** મૂળ કડી નિવાસી શ્રી હસમુખભાઈ કાંતિલાલ શાહ તા. ૨૭–૬ ૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**મુંબઈ :** ગં. સ્વ. શાંતાબેન શાંતિલાલ શાહ, ઉ.વર્ષ ૯૩ તા. ૧૦–૭–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**વડોદરા:** મૂળ ભરૂચનાં હેમલતાબહેન નવિનચંદ્ર ગાંધી ઉ.વર્ષ ૬૭, તા. ૧૧–૭–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**માંડવી:** લક્ષ્મીદાસ (અરવિંદભાઈ) ગોપાલજી શાહ, ઉ. વર્ષ ૭૪, તા. ૧૯–૭–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**અમદાવાદ:** ગીતાબહેન રમેન્દ્રભાઈ પરીખ, ઉ.વ. ૭૯, તા. ૨૮–૦૭–૨૦૨૫ના રોજ શ્રીજીચરણ થયાં છે.

**અમદાવાદ:** ઉમેશભાઈ નગીનદાસ શાહ, ઉ.વ. ૭૫, તા. ૦૩–૦૮–૨૦૨૫ના રોજ શ્રીજીચરણ થયાં છે.

## "શ્રદ્ધા સુમન"

***



**પરમ પૂજ્ય શાંતાબેન શાંતિલાલ શાહ...**

**અમારા શાન્તામામી....**

મામી સાથે અમો બધા ભાઈ-બહેનોની બચપણથી લઈને અત્યાર સુધીની ખૂબ યાદો જોડાયેલી છે. મોસાળ એટલે અમારા બધાનું બીજું ઘર જ હતું. જેની સાથે ખૂબ આત્મીય સંબંધો હોય એના વિશે લખવું કે બોલવું અઘરું હોય છે એ વ્યથાનો અમને આજે અનુભવ થઈ રહ્યો છે. જીવનમાં અનેક ચડાવ-ઉતાર અને તડકી-છાંયડીમાં તેઓ હંમેશા સ્થિતપ્રજ્ઞ રહ્યાં. ઠાકોરજી પ્રત્યેની અપાર આસ્થા અને એમના પ્રેમાળ સ્વભાવથી એમણે અમારા વિશાળ કુટુંબને એકસૂત્રે બાંધી રાખ્યું. હંમેશા હસતો ચહેરો અને આનંદી સ્વભાવવાળા મામીના જીવનમાં ખૂબ સાદગી હતી. તેઓ સાક્ષાત્ માં અન્નપૂર્ણાનો અવતાર હતા. ખૂબ પ્રેમ અને આગ્રહથી સૌને ખવડાવતા. મામી પરમ ભગવદીય હતા. એમની વસમી વિદાયથી અમે છત્રછાયા ગુમાવ્યાની લાગણી અનુભવીએ છીએ. એમની વિદાયથી અમારા સમગ્ર કુટુંબને એક ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાશ્વત શાંતિ આપે અને સૌ કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

લીલાવતીબહેન ભોગીલાલ શાહ પરિવાર તરફથી

સુનીતા - જીતેન્દ્ર

હર્ષા - રાજેશ

મૌલિક - શ્રુતિ - અભિષેક

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

***

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. સુનીલ વાડીલાલ શાહ

**જન્મ : ૧૧-૦૪-૧૯૫૭ સ્વર્ગવાસ : ૧૪-૦૮-૨૦૨૪**

સમય જીંદગીનો ઓછો હશે, ક્યાં ખબર હતી કે વિદાય તમારી અણધારી હશે, કયાં ખબર હતી.

તમારા મધુર સંસ્મરણો અંક્તિ છે, અમારા હૃદયમાં. તમારા કર્મોની સુવાસ જીવંત છે, અમારા શ્વાસમાં. સદેહે તમે નથી પણ અસ્તીત્વમાં છો અને રહેશો એ વિશ્વાસથી ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતી અર્પે એજ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ.

પ્રતીક્ષા સુનીલ શાહ

વલય સુનિલ શાહ — હેતલ વલય શાહ

સમર વલય શાહ — ક્રીસી વલય શાહ

***

## શ્રધ્ધાંજલિ



**સ્વ. ઉમેશભાઈ નગીનદાસ શાહ**

**જન્મ તા.: ૦૪/૦૯/૧૯૫૦**

**શ્રીજીચરણ તા.: ૦૩/૦૮/૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના

જીવાત્માને ચિર શાંતિ અર્પે

તેમ જ આવી પડેલ દુઃખ સહન

કરવાની સૌને શક્તિ આપે

એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

***

# શ્રધ્ધાંજલિ



**સ્વ ગીતાબેન રમેન્દ્રભાઈ પરીખ**

**જન્મ તા. ૩૦-૩-૧૯૪૬**

**શ્રીજીચરણ તા. ૨૮-૭-૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના
જીવાત્માને ચિર શાંતિ અર્પે
તેમ જ આવી પડેલ દુઃખ સહન
કરવાની સૌને શક્તિ આપે
એ જ પ્રાર્થના

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

## શ્રદ્ધાંજલિ

***



**સ્વ ગીતાબેન રમેન્દ્રભાઈ પરીખ**

**જન્મ તા. ૩૦-૩-૧૯૪૬**

**શ્રીજીચરણ તા. ૨૮-૭-૨૦૨૫**

અમને છોડી તમે તો ચાલ્યા ગયા
પ્રભુના દરબારમાં,
આપની મીઠી યાદ રહેશે સદા અમારા
સૌના જીવનમાં.

પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે
એ જ અમારા સૌની અભ્યર્થના.

જયશ્રીબહેન શાહ
કુમુદબહેન શાહ
લીનાબહેન શાહ
સ્વાતિબહેન શાહ
પન્નાબહેન પરીખ
જયદેવીબહેન પરીખ

જય શ્રી કૃષ્ણ

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

JB
**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

JB
**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

JP
**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

JP
**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296

પ્રકાશન ૧૦/૮/૨૦૨૫



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**

**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

**PRINTED BOOK August 2025**

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh